# Gujarat State Fire Prevention Services

## Regional Fire Office Ahmedabad

5th floor, Gujarat Housing Board, Pragatinagar, Ahmedabad-380081
EMAI ID :- (1) rfo-sfps-ahd@gujarat.gov.in, (2) rfo_sfps_ahd@yahoo.com

सत्यमेव जयते

**No. SFPS/PREE-NOC/ 05/2023** **Date: 07-02-2023**

**BUILDING OPINION**

To,
Sh. Vagela Jigneshkumar Mohanbhai
3815/B, Vankar Vas
Opp. ST Bus Station Sanad.

Sub: Fire safety & protection, opinion for a proposed Mercantile (Commercial) and Residential Building (G+2) and Height 14M.

Sir,
This is to intimate that, the plans submitted for Mercantile (Commercial B+G+2) and Residential Buildings (G+2) At 3815/B, Vankar Vas, Opp. ST Bus Station Sanad, Dist. Sanad, Gujarat, was reviewed as per the requirement of fire prevention and protection.

| | |
|---|---|
| Site Name | : Sanindhaya |
| Address | : Sanad, Taluka Sanad, Distt –Ahmedabad |
| Survey No. | : 2122/1P, |
| FP No. | : 321, |
| Sub Plot No. | : NA |
| OP No. | : 321, |
| T.P.S. No. | : 5 (Sanad) |
| Height | : Basement 3.05M and Building 9.75M, |

**All norms as per the Fire Prevention and Life Safety Measures Act-2013, Gujarat state, have to be followed for providing Fire Prevention and Protection system, are to be followed.**

The building shall have fire Protection system (minimum) as mentioned below:

- Proposed drawing must have drawing number, scale, prepared by, reviewed by and revision date
- Proposed drawing shall have list of proposed fire safety equipment with basic information along with pump house details.
- All covered parking and Basement shall be protected by automatic sprinkler system,
- Electric Cable Duct Should have Fire Rated Doors at all level and to be kept open from terrace and ground level
- Staircase and lift lobby to be enclosed at ground Floor
- Ensure staircases of the building shall be ventilated above 1.15 meters parapet wall at each floor level and shall be 1.5 meters clear in width (minimum).
- A motorable road represented as driveway in the drawing (with 40 ton load bearing capacity and minimum 06 meters wide) is required without obstruction to a clear motorable passage for fire/rescue vehicles.
- The entry to the premises shall be minimum 06 meters or more (if required) in width
- Water tank at trace shall be 25KL for the Mercantile building.
- At terrace tank level pump capacity 900LPM shall be provided.
- Installation of negative suction arrangement and submersible pumps shall not be allowed.
- Pumps conforming to IS 12469 shall be exclusively used for Firefighting purposes. The pumps shall be centrifugal type direct driven with a 3 phase.
- Pump shall be capable of discharging not less than 150 percent of the rated discharge at a head of

not less than 65 percent of the rated head. The shut off head shall not exceed 120 percent of the rated head in the case of horizontal Pumps.

- Electrical supply for the Fire pump, Fire lift shall be supply parallel to the building supply and shall not get cut off if the supply to the building is switch off.
- Number of down comers will be decided to fulfill the following conditions
  - No corner of the building is farther than 30 m from nearest down comer.
  - One down comer shall be provided for every 1000 sq.m.
- Every down comer shall be provided with the following at every floor including terrace.
  - Single headed outlet -1 No.
  - First Aid Hose Reel -1 No. [dia 25mm & Length of pipe shall be such that nozzle of the hose can be taken into every room and within 6 m of any part of the rooms keeping in view layout and obstruction.]
  - Hose Pipe 63 mm dia, 15 m long with male and female coupling at ends. -2 Nos.
  - Branch pipe 63 mm dia with 20 mm nominal internal diameter nozzle and suitable for instantaneous connection. -1 No.
- Air release valves with ball valve shall be provided in the piping system for venting trapped air.
- Isolation valves shall be provided in the network to enable isolation of any section of the network without affecting the flow in the rest.
- Fire sprinkler system to be installed for hollow parking as per the IS: 15105: - Design and Installation and Maintenance of Fixed Automatic Sprinkler Fire Extinguishing Systems- Code of Practice.
- Hydrant shall be located in the center of the building so that one hydrant can cover area on both sides.
- Fire Hydrants shall be of stand post type conforming to IS 908. All Yard hydrant outlets shall be situated 1 m above ground level
- The stand posts shall be 80 mm in diameter for single headed hydrants.
- Refuge area to be provided as per the norms.
- Only Oblique hydrants conforming to IS 5290 with outlets angled towards ground shall be used. The hydrant couplings shall be of the instantaneous spring-lock (female) type of 63 mm diameter and valves shall be of the screw down type.
- Suitable pressure reducing devices shall be provided for yard as well as internal hydrants where the pressure exceeds 7 kgf/cm2 , considering the safety of operators.
- All hydrants should be serially numbered.
- In order to facilitate feeding of water in the system by fire service, a 2/3 way 63 mm diameter collecting head shall be provided and connected with each riser/down comer and the ring main with non-return valve and butterfly/sluice valve. This should be located at a place where fire brigade tender can reach.
- Fire Alarm system as per BIS 2189 OR manually operated Electronic fire alarm shall be provided. Fire alarm calls point to be installed at each floor with sounders capable of being heard all throughout the building.
- Fire extinguisher shall be provided at each floor as per IS 2190.
- Electrical installation from fire point of view shall comply with IS 4648.

**After, the building is built and all the required Fire safety and Protection equipment have been installed and after due inspection by the Fire service officer an NOC can be issued.**

09/02/2023.

REGIONAL FIRE OFFICER * AHMEDABAD REGION *

Regional Fire Officer
State Fire Prevention services
Ahmedabad Region

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અમદાવાદ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુભાષબ્રિજ-સર્કલ પાસે, અમદાવાદ - ૩૮૦૦૨૭
ફોન નંબર : ૦૭૯-૨૭૫૬૧૯૭૦ ઇ-મેઇલ : collector-ahd@gujarat.gov.in

## ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ [ બિનખેતી - બહુહેતુક ઉપયોગ ]

હુકમ નં. 973/07/04/070/2022
તા. 22/02/2022

વંચાણે લીધા :-

(૧) અરજદારશ્રી જીગ્નેશકુમાર મોહનભાઈ વાઘેલા
રહે. 3815/બી,વણકરવાસ, એસ.ટી.બસ.સ્ટેન્ડ સામે, સાણંદ, અમદાવાદ-382110 ની તા.13/01/2022 ની ઓનલાઇન અરજી (નં.30704202200228) તથા સોગંદનામુ
(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૬૫, ૬૬ તથા ૬૭
(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨
(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮
(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮
(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા.૩૧/03/૨૦૧૧
(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૦૯/૦૧/૨૦૧૯
(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૧૨/૦૨/૨૦૧૯
(૯) મામલતદાર અને કૃષિપંચ શ્રી (ALT) નો તા.27/01/2022 નો અભિપ્રાય
(૧૦)iRCMS પોર્ટલ પરની કેસ વિગત

હુકમ :-

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી જીગ્નેશકુમાર મોહનભાઈ વાઘેલા એ મોજે સાણંદ ગામ તા. સાણંદ જિ. અમદાવાદ ના સરવે/બ્લોક નં. 2122/૧ ના ક્ષેત્રફળ 5,362.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 1,892.40 ચો.મી ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

૨. સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

| સરવે/બ્લોક નંબરટી.પી. નંબરએફ.પી. નંબર | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ (ખાતા નં. 7152) | જમીનનો સત્તાપ્રકાર (૭/૧૨ મુજબ) |
|---|---|---|---|
| સરવે/બ્લોક નં. : 2122/૧<br>ટી.પી. નં. : 5<br>એફ.પી. નં.: 321 | 1,892.40 | જીગ્નેશકુમાર મોહનભાઇ વાઘેલા<br>જયંતિભાઇ મીઠાભાઇ વાઘેલા<br>(ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.0-૩૧-૫૪)<br>સરદાર સરોવર નર્મદા નિગમ લી.<br>(ક્ષે.હે.આરે.ચો.મી.0-૨૨-૦૮) | જુની શરત (જુ.શ) |

3. વસુલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.
બેંકમાં ચલન ભર્યા તા.21/02/2022 નં.57000013551003521022248244

| કરની વિગત | સદર | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) | દર રૂ. પ્રતિ ચો.મી. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂપાંતર કર | 569-0035-00-800-01 | 1,892.40 | 40.00 | 75,696.00 |
| વિશેષ ધારો | 570-0035-00-101-01 | 1,892.40 | 0.65 | 1,230.00 |
| લોકલ ફંડ | 574-0029-00-103-01 | 1,892.40 | 0.33 | 624.00 |
| શિક્ષણ ઉપકર | 575-0045-00-108-01 | 1,892.40 | 0.49 | 927.00 |
| માપણી ફી | 577-0029-00-106-01 | 1,892.40 | --- | 1,800.00 |
| | | | કુલ રૂ. | 80,277.00 |

૪. ઉપર્યુકત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે સાણંદ ગામ તા. સાણંદ જિ. અમદાવાદ ના સરવે/બ્લોક નં. 2122/૧ ના ક્ષેત્રફળ 5,362.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 1,892.40 ચો.મી ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો : -

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી/ કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું/ કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન/ પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો ) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.65 પ્રમાણે રૂ. 1,230.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં.બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા.૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા/ કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં.બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા/ શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ/ પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૨/૦૨/૨૦૧૯ ના પરિપત્ર નં.બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક મુજબની નીચેની શરતોનુ પાલન કરવાનું રહેશે.

   ૧. જો અગાઉ ચોકકસ હેતુ માટે પ્રિમિયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય/ નકશા મંજૂર કરવાના થતા હોય તો વિકાસ પરવાનગી આપતાં પહેલા પ્રિમિયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.
   ૨. જીડીસીઆર મુજબ જે તે હેતુ/ ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહિં હોય તો તે ઉપયોગ કરી શકાશે નહિં.
   ૩. ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલુ બાંધકામ મળવાપાત્ર હશે તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે.
   ૪. બિનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજૂરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દૂર કરવાપાત્ર થશે.

(૯) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા.૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

   ૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.
   ૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.
   ૩. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
   ૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.
   ૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.
   ૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
   ૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
   ૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
   ૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.
   ૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

**(૧૦) જો આ જમીન પર કોઇ બેંક/ મંડળીનો બોજો બાકી હોય તો, તે ભરપાઇ કર્યા સિવાય આ મિલકત કોઇપણ પ્રકારે વેચાણ, ભેટ, વસિયત, બાનાખત, ગિરો કરી શકાશે નહિ અને કોઇપણ અન્યને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માલિકી કે કબજો ભોગવટો તબદીલ કરી શકાશે નહિ.**

(૧૧) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૪) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૫) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.

( સંદીપ સાગલે )
કલેકટર, અમદાવાદ

જીલ્લા કલેકટર
સત્યમેવ જયતે
અમદાવાદ

<u>આર.પી.એ.ડી.</u>

પ્રતિ,
જીગ્નેશકુમાર મોહનભાઈ વાઘેલા
3815/બી,વણકરવાસ
એસ.ટી.બસ.સ્ટેન્ડ સામે
સાણંદ
અમદાવાદ-382110

<u>નકલ રવાના:-</u>

૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ
૨. મામલતદારશ્રી તા. સાણંદ જિ. અમદાવાદ (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ મુજબ કરાવવા સારૂ.)
૩. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. અમદાવાદ
૪. તલાટીશ્રી સાણંદ ગામ તા. સાણંદ જિ. અમદાવાદ તરફ.
૫. રેકર્ડ શાખા,, કલેકટર કચેરી, અમદાવાદ.
૬. સિલેકટ ફાઇલે,, કલેકટર કચેરી, અમદાવાદ.

*** આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, સાણંદ માં નોંધ નંબર 33754 થી મોજે.- સાણંદ ગામ તા.- સાણંદ જિ.- અમદાવાદ માં નોંધ થયેલ છે.**